ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૫.૫ ડીગ્રી
લઘુતમ : ૨૭.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૯ ટકા ● સાંજે ૬૦ ટકા

# શહેરના વાતાવરણમાં ઉકળાટ-બફારાનો માહોલ

## નવરાત્રી પહેલા હવામાનમાં ફરી એકવાર નાટયાત્મક પલટો : બે દિવસથી ઉકળાટનો અનુભવ : વરસાદ થવાની સંભાવના

ગાંધીનગર, તા.૧૬

અધિક માસમાં વરસાદી ઋતુએ વિદાય લઈ લીધી હોય તેવું માનવામાં આવતું હતું તે છેલ્લાં બે દિવસથી દેશના મુંબઈ સહિત દક્ષિણ ભાગમાં બદલાયેલા વાતાવરણથી ભૂલ ભરેલું સાબિત થયું છે અને હવામાનના પલ્ટાની અસર છેક ગાંધીનગર સુધી વર્તાઈ રહી છે. છેલ્લાં બે દિવસથી શહેરમાં વરસાદ પૂર્વેના ઉકળાટની સ્થિતિ ફરીથી અનુભવાઈ રહી છે અને ગરમી-ઠંડીની બેવડી ઋતુ અનુભવી રહેલા શહેરીજનો બે દિવસથી બફારા સાથેની ગરમીનો અનુભવ કરી રહ્યા છે.

ગાંધીનગરમાં બુધવાર રાત્રીથી હવામાન બદલાયું હોય તેવો નાગરિકોને અહેસાસ થવા લાગ્યો હતો અને દરરોજ અનુભવાતી ગરમી અચાનક બફારામાં પરિવર્તિત થતી જણાઈ હતી. અત્રે ઉલ્લેખનીય છે કે બુધવારે તેલંગાણાના હૈદરાબાદમાં અચાનક ભારે વરસાદ પછી આંધ્રપ્રદેશ, કર્ણાટક અને મહારાષ્ટ્રમાં પણ વરસાદી માહોલ છવાયો છે. બંગાળના ઉપસાગરમાં સર્જાયેલા ડિસ્ટર્બન્સને કારણે અચાનક ફરીથી ચોમાસું જાણે સક્રીય થયું હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. જેની અસર ગુજરાતમાં પણ ઉકળાટભર્યા વાતાવરણથી સર્જાવા પામી છે. ગાંધીનગરમાં પણ શહેરીજનો છેલ્લા બે દિવસથી વાતાવરણમાં ગરમી સાથે બફારા-ઉકળાટનો અનુભવ કરી રહ્યા છે. જે સામાન્ય રીતે જુન-જુલાઈ માસમાં ચોમાસાની શરૂઆત પહેલા અથવા ચોમાસાના પ્રારંભે એકાદ વરસાદ પછી સર્જાતા વાતાવરણ જેવી અસર વર્તાઈ રહી છે. આ વર્ષે નાગરિકો આમ પણ વાતાવરણમાં અજબ-ગજબ ફેરફારો અનુભવી રહ્યા છે, આ વર્ષે ઉનાળામાં ગરમી પણ તેની પરાકાષ્ઠાએ અનુભવાઈ હતી અને ચોમાસા દરમિયાન સમગ્ર રાજયમાં સાર્વત્રિક રીતે વરસાદ થવા ઉપરાંત અનેક ભાગોમાં લીલા દુકાળ જેવી સ્થિતિ પણ સર્જાવા પામી હતી. આ ચોમાસામાં અત્યાર સુધીમાં ૧૦૦ ટકાથી વધુ વરસાદ વરસી ચુકયો હોવા છતાં ફરી એકવાર શહેરીજનોને વરસાદી માહોલ સર્જાવાનો અહેસાસ થઈ રહ્યો છે એટલું જ નહીં પરંતુ કોરોના મહામારીમાં આમ વાતાવરણમાં આવી રહેલા વારંવારના નાટયાત્મક પરિવર્તનોથી શહેરીજનોમાં ચિંતાનો માહોલ પણ થવા લાગ્યો છે અને સતત બદલાતા હવામાનની જનઆરોગ્ય પર વિપરિત અસરો પડી રહી છે.

### વાતાવરણમાં ભેજ મિશ્રિત ગરમીના કારણે બફારો

**શહેરમાં ગરમીનો પારો આજે ૩૫.૫ ડિગ્રી સે. સુધી રહ્યો હતો પરંતુ તે સાથે વાતાવરણમાં ભેજનું પ્રમાણ જે સવારે ૬૯ ટકા હતું તે પણ સાંજ સુધી ૬૦ ટકા સુધી રહ્યું હતું. બુધવારે અને ગુરૂવારે અનુક્રમે મહત્તમ તાપમાન ૩૭.૫ ડિગ્રી અને ૩૭.૯ ડિગ્રી રહ્યું હતું પરંતુ તે દરમિયાન લઘુત્તમ તાપમાન ૨૨ ડિગ્રીથી વધીને ૨૭ ડિગ્રી સુધી રહેવા પામ્યું છે અને ભેજની ટકાવારી પણ સાંજે ૪૮ ટકા હતી તે ૬૦ ટકા સુધી પહોંચી છે જેનો સીધો મતલબ એ છે કે વાતાવરણમાં ભેજ મિશ્રિત ગરમી હોવાથી બફારાનો અનુભવ થઈ રહ્યો છે અને શકય છે કે નવરાત્રીના દિવસોમાં એકાદ વરસાદી ઝાપટું વરસી જાય.**

# સરકારી વિનયન કોલેજ ખાતે સોશ્યલ ડિસ્ટન્સમાં લાલીયાવાડી

ગાંધીનગર શહેરમાં કોરોના કહેર મચાવી રહ્યો છે. કોરોના કેસ ઘટવાને બદલે ચિંતાજનક રીતે વધી રહ્યા છે. કોરોના સંક્રમણ ઘટે તે માટે કામ સિવાય ઘરની બહાર નીકળવુ નહી તેમ વારંવાર તંત્ર દ્વારા કહેવામાં આવે છે. મોંઢા પર માસ્ક ફરજીયાત અને સોશ્યલ ડિસ્ટન્સ જાળવો જેથી કોરોનાથી બચી શકાય. પરંતુ સરકારી વિનયન કોલેજ ખાતે આજે વિદ્યાર્થીઓનો મેળાવડો એકઠો થયો હોય તેમ લાગી રહ્યું હતું. કોલેજમાં વિદ્યાર્થીઓમાં ક્યાંય પણ સોશ્યલ ડિસ્ટન્સ જળવાયું ન હતું.



મળતી માહિતી મુજબ ગાંધીનગર સેકટર-૧૫ સ્થિત કોલેજ ખાતે શુક્રવારના રોજ વિદ્યાર્થીઓને ગયા વર્ષની માર્કશીટ આપવા માટે બોલાવ્યા હતા. જેને પગલે વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉમટી પડતા મેળા જેવો માહોલ જોવા મળ્યો હતો. સવારના સમયે વિદ્યાર્થીઓ આવી જતા લાઈનમાં ઉભા રાખવામાં આવ્યા હતા. પંરતુ લાઈનમાં પણ સોશ્યલ ડિસ્ટન્સના નામે લાલીયાવાડી સામે આવી છે. જો કે કોરોના થી બચવા માટે વિદ્યાર્થીઓ મોઢા પર માસ્ક સાથે નજરે પડ્યા હતા. જયારે કેટલાક વિદ્યાર્થીઓએ માસ્ક વિના પણ આંટાફેરા મારતા નજરે પડ્યા હતા. કોરોના સંક્રમણની આ સ્થિતિએ સામાજીક અંતર જાળવ્યા વિના એકઠા થયેલા વિદ્યાર્થીઓએ પણ સાવચેત રહેવાની જરુર છે.



ગરબા વગર આ વખતે નવરાત્રી ઉજવાશે. પૂજન-અર્ચન અને પ્રસાદની મંજૂરી અપાઈ છે. ગરબા યોજાવાના ન હોવાથી ઉત્સાહ ચોકકસ મંદ પડયો છે પરંતુ માતાજીની આરતી તો ઠેર ઠેર યોજાશે જ. ગબ્બર બનાવવાનો બાળકોનો ઉત્સાહ આ વખતે જળવાઈ રહ્યો છે. સેકટર-પના કેટલાક ઉત્સાહી બાળકોએ ધાબા પર ગબ્બર બનાવ્યા છે. બાળકોએ તેમની સર્જનાત્મકતાનો ઉપયોગ કરી સુંદર ગબ્બરનું નિર્માણ કર્યું છે.

# લાયન્સ ક્લબ ઓફ ગાંધીનગર ફેમિના દ્વારા કોરોના મૃતકોની શાંતિ અર્થે રુદ્રાભિષેકથી અંજલિ



ગાંધીનગર, તા.૧૬

લાયન્સ ક્લબ ઓફ ગાંધીનગર ફેમિના દ્વારા કોરોના મૃતકોને અંજલિ અર્થે 'અધિક માસમાં અંજલિ' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુંહતું. જેમાં રુદ્રાભિષેક દ્વારા પુજન-અર્ચન કરવામાં આવ્યું હતું.

અત્યારના સમયમાં વ્યક્તિનું કામ અટકી શકે એમ નથી સાથે કોરોના પણ અટકવાનું નામ લેતો નથી. આવા સમયે કેટલાય સ્વજનો અને મિત્રો આપણે ગુમાવ્યા છે. આ ખોટ પૂરાઇ શકે તેમ નથી. પરંતુ આમ અણધાર્યા મોતને ભેટેલા જીવાત્મા માટે પ્રભુ પ્રાર્થના ચોક્કસ કરવી જોઈએ એ આશય થી સેવાભાવી સંસ્થા લાયન્સ કલબ ફેમિના દ્વારા રુદ્રાભિષેકનું આયોજન કરવામાં આવ્યું હતું.

સિધ્ધનાથ મહાદેવ મંદિર વાવોલ ખાતે આયોજીત આ રુદ્રાભિષેકમાં મોટી સંખ્યામાં સભ્યો ઉત્સાહથી જોડાયા હતા. જેમાં મુખ્ય યજમાન પદે એડીશનલ, ડિસ્ટ્રીક્ટ કેબિનેટ સેક્રેટરી હરીશભાઇ ત્રિવેદી, મીનાબેન ત્રિવેદી અને લાયન પૂર્વ પ્રમુખ જશવંતસિંહ રહેવર તેમજ ઈલાબેન જોષી એ પૂજા કરી હતી. પ્રમુખ મમતા રાવલ, સેક્રેટરી દક્ષા જાદવ, ઉપપ્રમુખ ચંદા યાદવ, અર્ચના દવે, રૂપલ બિહોલા, સોનલ રાવલ, જાગૃતિ વ્યાસ, ભૂમી જોગાણી, કાનન પટેલ, મનીષા પટેલ, આનંદી પટેલ, કૃતજ્ઞા વસાવડા સહુ એ શિવજીને અભિષેક દ્વારા સૌના રક્ષણ તેમજ મૃતાત્માની શાંતિ અર્થે પ્રાર્થના કરી હતી. ક્લબના જોઈન્ટ ટ્રેઝરર નિમિષા શુક્લ એ પ્રોજેક્ટ ચેરમેન તરીકે કાર્ય ભાર સંભાળ્યો હતો. મૃતક પરિવારના સભ્ય તરીકે નાગરિક બેંકના ચેરમેન વિક્રમભાઈ પટેલ હાજર રહી અંજલિના કાર્યને બીરદાવ્યું હતું.

# ગાંધીનગર જિલ્લાના બાગાયતદાર ખેડૂતો જોગ

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર જિલ્લાના તમામ બાગાયતદાર ખેડૂતો કે જેમણે નાણાંકીય વર્ષ- ૨૦૨૦-૨૧ માટે બાગાયત દ્વારા ચાલતી યોજનાઓના વિવિધ ઘટકોમાં સહાય મેળવવા ખેડૂતો દ્વારા **i-khedut portal ( website : www.ikhedut.gujarat.gov.in)** પર ઓનલાઈન અરજીઓ કરવામાં આવી છે. તેઓને નાયબ બાગાયત નિયામકશ્રીની કચેરી દ્વારા મંજૂરી પત્ર આપવામાં આવેલા છે. તેમને સદર બાબતે વાવેતર, ઈનપુટસ, મશીનરી, સાધનો ખરીદી વગેરે મંજૂરી મળ્યા બાદની કામગીરી પૂર્ણ કરી વહેલામાં વહેલી તકે નાયબ બાગાયત નિયામકશ્રીની કચેરી, પાંચમો માળ, સહયોગ સંકુલ, સેકટર-૧૧, ગાંધીનગર ખાતે રજૂ કરવા માટે નાયબ બાગાયત નિયામકશ્રીએ જણાવ્યું છે.

# ગાંધીનગરના ઉર્મિલા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા કોરોના મહામારીના અંત માટે વૈદિક યજ્ઞ

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગરના ઉર્મિલા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા આજે સેક્ટર-૧૬ માં વિદ્યા લાયબ્રેરી ખાતે એક હોમાત્મક વૈદિક યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. આ યજ્ઞનો હેતુ વૈશ્વિક મહામારી કોરોના જલ્દીથી દૂર થાય અને તમામ નાગરિકોનું સ્વાસ્થ્ય સારું રહે અને ચારે તરફ પ્રસન્નતા ફેલાય તે માટેનો હતો. યોગાનુયોગ આજે શ્રી ઉર્મિલા ચેરીટેબલ ટ્રસ્ટના પ્રેસિડેન્ટ તથા જાણીતા યુવા અભિનેત્રી વિવેકા પટેલનો જન્મદિવસ પણ હતો જેને અનુલક્ષીને આજે આ હવનનું આયોજન કરવામાં આવ્યું હતું.



વૈદિક હવન દરમિયાન વિવેકા પટેલ સહિત સંસ્થાના સભ્યોએ તથા હોદ્દેદારોએ મળીને કોરોના મહામારી જલ્દી દૂર થાય તે માટે પરમકૃપાળુ પરમાત્માને પ્રાર્થના કરી હતી. આ પ્રસંગે વિવેકા પટેલ ઉપરાંત તેમના માતૃશ્રી ઉર્મિલાબેન પટેલ તેમના ભાઈ ધ્રુવીલ પટેલ સહિત જાણીતા સામાજીક અગ્રણી પ્રદીપસિંહ વાઘેલા, સાહિત્યકાર ડો.કનૈયાલાલ ભટ્ટ, યુવા સામાજિક કાર્યકર વિજયસિંહ માજીરાણા, નંદનવન આશ્રમ શાળાના આચાર્ય યોગેશભાઇ દરજી, સેકટર-૧૬ પ્રાથમિક શાળાના આચાર્ય અરૂણભાઇ પટેલ ઉપરાંત શુભાંગી પ્રજાપતિ, મહેશ જીરાવાલા, અશ્વિન સુહાન, ભાવિનભાઈ પરમાર, જય સાકરિયા, રાજેન્દ્રભાઈ, ગાયત્રીબેન વગેરે અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા આજે યોજાયેલા યજ્ઞમાં યોગ ટ્રેનર ગીરીશભાઈ આર્યએ યજ્ઞ પંડિત તરીકે સેવાઓ આપી હતી.

# સે-૨૨માં ગરબા કે આરતી પૂજન નહીં યોજાય

ગાંધીનગર, તા.૧૬

સાર્વજનિક નવરાત્રી મહોત્સવ સમિતિ સે-૨૨ની નવરાત્રી સંદર્ભે મિટીંગ પ્રમુખ કાલીદાસભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી. જેમાં કોરોનાની મહામારીને ધ્યાનમાં લઈ સે-૨૨માં શેરી ગરબાની ઉજવણી કરવામાં આવશે નહિ તેવો નિર્ણય કરવામાં આવ્યો હતો.

સે-૨૨ સાર્વજનિક નવરાત્રી મહોત્સવ સમિતિ દ્વારા છેલ્લા ૩૦ વર્ષથી ગબ્બર ચોકમાં ભવ્ય શેરી ગરબા સહિત ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. પરંતુ આ વર્ષે કોરોનાની મહામારીને કારણે માતાજીની માંડવીની સ્થાપના, પૂજા કે આરતી નહી થાય તેમ સંસ્થાના પ્રમુખ કાળીદાસભાઈ પટેલ દ્વારા જણાવાયું છે. તથા તમામ શહેરીજનોને અપીલ કરી છે કે નવરાત્રી દરમિયાન દરેક માઈભકત માતાજીની ઉપાસના કરી ગાંધીનગર તથા સમગ્ર વિશ્વ કોરોના મુકત થાય તેવી પ્રાર્થના કરે.

જનસુખાકારીને ધ્યાનમાં લઈ યોજાનાર સાર્વજનિક નવરાત્રી મહોત્સવની મિટીંગમાં સંસ્થાના પ્રમુખ સાથે પ્રભાતભાઈ દેસાઈ, દશરથભાઈ પટેલ, પુરૂષોત્તમભાઈ પટેલ, કેતનભાઈ પટેલ, પ્રકાશભાઈ સુખડિયા, વિરભદ્રસિંહ વાઘેલા, ભરતભાઈ જોષી તથા હિમાંશુભાઈ પટેલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

# જીએસટી કચેરી દ્વારા સાપ્તાહિક વેબીનાર

ગાંધીનગર, તા.૧૬

જીએસટી કર ભરતા કરદાતાને માર્ગદર્શન આપવા જીએસટી કચેરી દ્વારા સાપ્તાહિક વેબીનારનું આયોજન કરવામાં આવ્યું છે. જીએસટી ભરવામાં કરદાતાઓને પડતી મુશ્કેલીઓ, વિવિધ ફોર્મ ભરવા અંગેની જાણકારીઓ, કરદાતાઓને મૂંઝવતા વિવિધ પ્રશ્નો અંગે સેન્ટ્રલ જીએસટી કચેરી દ્વારા દર શુક્રવારે સવારે ૧૧ વાગે વેબીનાર યોજાશે. આ વેબીનારમાં ભાગ લેવા ઈચ્છતા કરદાતાઓએ **https://meetingsapac37.webex.com/meet/pr/660144924** લીંક પર જોડાવવાનું રહેશે. **www.cgstgandhinagar.gov.in** ઓફીશીયલ વેબસાઈટ પરથી પણ વેબીનારની લીંક શેર કરવામાં આવશે.

# નવરાત્રીનો માહોલ જાળવવા નવતર પ્રયાસ

## નવે નવ દિવસ વિવિધ થીમ પર ગરબા યુ-ટ્યુબ ચેનલ પર અપલોડ કરી શહેરીજનોને સાથે લઈ ચાલવાનો યુવાનોનો અનોખો પ્રયાસ : તમામ ગરબા વિડીયોમાં ગાંધીનગરને પણ હાઈલાઈટ કરવાનો ધ્યેય

ગાંધીનગર, તા.૧૬

કોવિડ-૧૯ને કારણે આ વર્ષે નવરાત્રીની ઉજવણી થવાની નથી ત્યારે ઘણા ખેલૈયાઓ ઉદાસ પણ છે. તમામ શહેરીજનો ઘરે જ રહીને પોતપોતાના પરિવારજનો સાથે માતાજીની આરતી કરી ગરબા રમીને જ નવરાત્રી પસાર કરવાના છે ત્યારે સોશિયલ મીડિયામાં ઓનલાઈન ગરબા રમવાના ટ્રેન્ડે હાઈપ લીધી છે. યુ-ટ્યુબ, ફેસબુક કે ઈન્સ્ટાગ્રામના માધ્યમથી લાઈવ ગરબા કે ગ્રુપ ગરબા યોજવાના છે તેનો ક્રેઝ હાલ યુવાનોમાં જોવા મળી રહ્યો છે. આ ઉપરાંત ગરબા ચેલેન્જ પણ ઓન ટ્રેન્ડ છે ત્યારે ગાંધીનગરની યુવા શૈલી કારીયા દ્વારા આવો જ અક નવતર પ્રયાસ કરવામાં આવ્યો છે. શૈલી અને તેના મિત્ર વિદીત સંઘવી દ્વારા ગરબા કોરીયોગ્રાફી કરી વિવિધ ગરબા સાથે પરફોર્મન્સ આપી ખેલૈયાઓ સાથે અલગ અલગ થીમ ઉપર ગરબાના વિડીયો સબીર મલિક દ્વારા શુટ કરવામાં આવ્યા છે.





જે નવે નવ દિવસ દરરોજ ૧૧ વાગ્યે યુ-ટ્યુબ પર અપલોડ કરવામાં આવશે. શહેરીજનો સાથે તમામ આ નવરાત્રીના દિવસોમાં ઘરે રહીને પણ આનંદ માણી શકે તે સાથે ગરબા ભલે જાહેરમાં ન થાય પરંતુ સોશિયલ મીડિયાના માધ્યમથી ગરબાની સંસ્કૃતિ જીવંત રહે તેવો તેમનો ઉદ્દેશ્ય છે.

ગાંધીનગરના યુવાનો નવતર પ્રયોગ કરવા માટે જાણીતા છે અને ટેકનોલોજીનો વ્યાપ વધતા યુવાનોએ લોકડાઉનમાં તેનો ભરપુર ઉપયોગ કરીને નવા સ્કીલને ડેવલપ કરવાનો પ્રયત્ન કર્યો છે ત્યારે શહેરના યુવા શૈલી કારીયા એન્ડ ગૃપ દ્વારા પોતાની યુ-ટ્યુબ ચેનલ બનાવી તેમાં નવરાત્રીના નવ દિવસ સુધી દરરોજ જુદા જુદા કોરીયોગ્રાફ કરેલા ગરબાના વિડીયો અલગ અલગ સેગ્મેન્ટસ સાથે મુકવામાં આવશે. આ બાબતે વધુ વાત કરતા તેઓ જણાવે છે કે છેલ્લા ઘણા સમયથી નવરાત્રી થશે કે નહિ તે પ્રશ્ન તો હતો જ તથા યુ-ટયુબના પ્લેટફોર્મ નો વર્ચ્યુઅલી ઉપયોગ કેમ કરવો તે તો લોકડાઉન એ શીખવાડી દીધું છે. અમે મિત્રોએ ભેગા મળી કાંઈક નવતર કરવાનું વિચાર્યુ અને પાછલા ઘણા સમયથી અમે ગરબાની કોરીયોગ્રાફી કરીને પરફોર્મન્સ આપવા સાથે સિનેમેટોગ્રાફી પણ કરી રહ્યા હતા. અમારો મુખ્ય ઉદેશ ગાંધીનગરના તમામ રહેવાસીઓ નવે નવ દિવસ નવરાત્રી અને ગરબાનો માહોલ માણી શકે તે રહ્યો છે. અમારા આ પ્રોજેકટમાં ૫ વર્ષથી ૨૭ વર્ષ સુધીના બાળકો અને યુવાનો જોડાયા હતા. કોવિડ-૧૯ની તમામ ગાઈડલાઈન્સને ફોલો કરીને ગરબાની પ્રેકટીસ કરવામાં ગાંધીનગરવાસીઓ સાથે અમારા મિત્રો તથા માતા-પિતાનો સંપૂર્ણ સહયોગ રહ્યો છે.

આ ગરબાના વિડીયોમાં ગાંધીનગરના ઘ-૪, સેકટરના ગાર્ડન સાથે ઘણા વિસ્તારને આવરી લેવાયા છે. જેથી યુ-ટયુબ પર નવરાત્રીના ગરબાની મજા માણતા માણતા તમામ ગાંધીનગરની સુંદરતા પણ નિહાળી શકે. આ ગરબામાં વાગ્યો રે ઢોલ, રાધારાણી લાગે, મોતી વેરણા, મણિયારો જેવા નવા-જુના પ્રાચીન-અર્વાચીન તમામ પ્રકારના ગરબાના વિડીયો નવ દિવસમાં દરરોજ એક એક કરીને **shaily karia** યુ-ટ્યુબ ચેનલ પર અપલોડ કરાશે.

### ચિરવિદાય

- સ્વ. બિહોલા સજ્જનબેન લક્ષ્મણસિંહ, ઉ.વ. ૮૩, નવા પાલજ, તા. ગાંધીનગર
- સ્વ. પ્રજાપતિ રૂખીબેન શિવાભાઈ, ઉ.વ. ૬૮, વાવોલ, ગાંધીનગર
- સ્વ. અમરસિંહ હરિભાઈ ઠાકોર, ઉ.વ. ૪૫, પીંડારડા, તા. ગાંધીનગર
- સ્વ. સીતાબેન મંગળભાઈ કડીયા, ઉ.વ. ૭૫, સોજા. તા. કલોલ
- સ્વ. જગદીશલાલ નંદલાલ કાબરા, ઉ.વ. ૫૯, ભીલવાડા, રાજસ્થાન
- સ્વ. મગનભાઈ મમુભાઈ વાઘેલા, ઉ.વ. ૭૬, માણેકપુર, તા. માણસા
- સ્વ. વણઝારા પંડીતભાઈ ગમનભાઈ, ઉ.વ. ૫૭, સેકટર-૨૮, ગાંધીનગર
- સ્વ. કનૈયાલાલ લક્ષ્મણભાઈ ગામીત, ઉ.વ. ૫૯, સેકટર-૨૩, ગાંધીનગર
- સ્વ. લાધુભાઈ રામભાઈ બાલૈયા, ઉ.વ. ૮૦, બુબાણા, તા. પાટડી, સુરેન્દ્રનગર
- સ્વ. ધન્નીદેવી પુરણમલ લોટવાની, ઉ.વ. ૭૦, સેકટર-૩૦, ગાંધીનગર